અતિવૃષ્ટિને કારણે ૨૭ જૂનમાંથી ૧-૨ જુલાઈ કરાઈ

લોકરક્ષક ભરતી બોર્ડે દસ્તાવેજ ચકાસણી અંગેની તારીખ લંબાવી

■ ગાંધીનગર એસપી ઓફિસે ચકાસણી થશે

અમદાવાદ, તા. ૨૬

રાજયભરમાં બુધવારના દિવસે અનરાધાર વરસાદ પડતાં અમદાવાદ શહેર રાજયભરમાં તેની અસર થઈ હતી જેના પગલે લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન જી. એસ. મલિકે જણાવ્યું હતું કે, લોકરક્ષક ભરતીમાં ભાગ લેનારા ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરિફિકેશનની તારીખ લંબાવી છે અને ૧ તથા ૨ જુલાઈના રોજ ગાંધીનગર સેકટર-૨૭માં આવેલી ડીએસપી કચેરી ખાતે રાખવામાં આવી છે. જે અંગે ૧૨હજાર જેટલા ઉમેદવારોએ ત્યાં વેરિફિકેશન માટે આવવાનું રહેશે.

લોકરક્ષકની ભરતી સંદર્ભે તેના ઉમેદવારોને તા. ૨૭ જૂન સુધીમાં પોતાના ડોકયુમેન્ટ વેરિફિકેશન કરાવવાના હતા. પરંતુ અતિવૃષ્ટીને કારણે આ પ્રકિયામાં અનેક ઉમેદવારો ન આવી શકવાની શકયતાના આધારે ડોકયુમેન્ટ વેરિફિકેશનની તારીખ લંબાવવામાં આવી હોવાની જાહેરાત લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન જી. એસ. મલિકે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ડોકયુમેન્ટ વેરિફિકેશનમાં ૮,૩૩૭ પુરુષો અને ૩,૬૭૦ મહિલા ઉમેદવારો ભાગ લેવાના છે લોકરક્ષક ભરતી પ્રકિયામાં કુલ ૫,૯૦,૨૬૯ ફોર્મ ભરાયા હતા. જેમાં ફિઝિકલ ટેસ્ટ તથા લેખિત પરિક્ષામાં બાદ ૧૨હજાર જેટલા ઉમેદવારો સફળ થયા હતા. આ ભરતી પ્રકિયામાં ૭,૯૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરવાની છે. જે ગુજરાત પોલીસમાં મોટામાં મોટી ભરતી થશે.

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટિસ નં. એસકે/૩ વર્ષ ૨૦૧૫-૧૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૨, બ્લોક નં. ૯ ની બાજુમાં, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૩૨ દ્વારા નીચેના કામના ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

ક્રમ નં.	કામની વિગત	૧) અંદાજીત રકમ ૨) ઈજારદારશ્રીની શ્રેણી
૧	રાજભવન, ગાંધીનગર ખાતે ડાઈનીંગ ટેબલ ખુરશી, સોફાસેટ રીપેરીંગ તથા ફર્નિચરને મેલામાઈન પોલીશીંગનું કામ (પા.ધો.પે.વિ.નં-૬ હસ્તક રાજભવનનું કામ હોઈ સીક્યોરીટીના ધારાધોરણ મુજબ કામગીરી કરવાની હોવાથી ટેન્ડરમાં ભાવ ભરતાં અગાઉ કરવાની કામગીરી સમજવા માટે ફરજીયાત સ્થળ મુલાકાત કરવાની રહેશે.)	૧) રૂ. ૨૪.૦૫ લાખ ૨) ટેન્ડર દસ્તાવેજો મુજબ યોગ્યતા.

ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૭-૦૭-૧૫ ૧૮:૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે. ટેન્ડર ફીનો ડી.ડી., બયાનની રકમની બેંક.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોકયુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં (સેલ ફરીને) ટેન્ડર સાથે અલગ અપલોડીંગ કરવાનાં રહેશે તેમજ આ ડોકયુમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં રજા.ધો.બે.ડી.,સ્પીડ પોસ્ટથી ટેન્ડર અપલોડીંગની તારીખથી ડિન - ૭ માં મળે તે રીતે કામકાજના સમય દરમ્યાન પોહચી જાય તેમ મોકલી આપવાનાં રહેશે.

વધારાની માહિતી, સુધારા વધારા અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ સાઈટ જોવા વિનંતી છે. માહિતી/૭૭૩/૨૦૧૫-૧૬

P.G. DEPARTMENT OF HOME SCIENCE
SARDAR PATEL UNIVERSITY, VALLABH VIDYANAGAR
WALK IN INTERVIEW

A Walk-in-interview will be held in the office of the Vice-Chancellor Sardar Patel University, Vallabh Vidyanagar for the following post on **the date & time** as mentioned, **under U.G.C., New Delhi 12th Plan Post,** Purely on temporary basis in the **P.G. Department of Home Science.**

Subject	Post	Date & Time	Pay
Adhoc Assistant Professor in Home Science (For 11 (Eleven) Months only)	01	02/07/2015 at 10.15 a.m.	Rs. 25,000/- fixed day per month
Qualifications	A Candidate must have M.Sc. in Biochemistry/Biotechnology/ Microbiology with NET OR Ph.D. in relevant subject. He/She must have an experience of the practical aspects of molecular biology and must be familiar with various techniques such as protein separation, gene expression etc.		

The Candidates are requested to bring Original and Xerox copies of Mark-Sheets, Passport size Photograph and other certificates if any Candidates have to attend the interview at thier own cost. Interviews will be held in the University office. Candidates who are In-service must produce the **"No Objection Certificate"** from his/her present employer. The application forms are also available on University Website : www.spuvvn.edu/careers/.

No : B/S/SF/1778
Vallabh Vidyanagar
Date : 19/06/2015 (INF-AND-174/15) Incharge Registrar

સરદાર સરોવર નર્મદા નિગમ લિ.
(ગુજરાત સરકારશ્રીની સંપૂર્ણમાલિકીનું સાહસ)

જાહેર વિજ્ઞપ્તિ નં.–૨ સને ૨૦૧૫–૧૬

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ધ્વારા સને ૨૦૧૫–૧૬ દરમ્યાન વલ્લભીપુર શાખા નહેર સાંકળ ૦.૦ થી ૬૨.૯૭૫ કી.મી. જે **સુરેન્દ્રનગર, અમદાવાદ,** જીલ્લાઓમાંથી પસાર થાય છે. વલ્લભીપુર શાખા નહેરની ડીસ્ટ્રીબ્યુટરી અને માઈનોરના કામો હાલમાં પ્રગતિમાં છે. સદર કેનાલ ઉપરોકત જીલ્લાઓના નીચે દર્શાવેલ તાલુકામાંથી પસાર થાય છે તેમજ જે જે તાલુકાઓમાંથી પસાર થાય છે તેના ગામડાઓ નીચે મુજબ છે.

અ.ન	જીલ્લાઓનું નામ	તાલુકાઓનું નામ	ગામડાઓના નામ
૧	સુરેન્દ્રનગર	લખતર	લીલાપુર, કંડુ, ઓળક, છારદ, માલિકા, કલમ, સાકર, ડેરવાળા, ભલાલા, તનમનીયા, અભિયારી, તલસાણા, વડેખણ, તાવી
		લીંબડી	ભગવાનપર, કુલવાડી, રણાગઢ, મુળવાવળા, જાડીયાળા, નાની કંડેચી, રોજાસર, લક્ષ્મીસર, વલવાણા, ગડથલ, ભથાણ, પરાલી, જાંબુ, ગેડી, પરનાળા, રળોલ, દિગ્વિજયગઢ, રામરાજપર, જસમતપર, જનશાળી, ટોકરાળા, ઘનશ્યામપર, કાનપરા, પાણશીણા, વીરજગઢ, દેવપરા, બળોલ, આણંદપુર, ભોજપરા, કમાલપર, ધોળી, હડાળા, જશાપર
		ચુડા	ચમારડી
૨	અમદાવાદ	બાવળા	મીઠાપુર, કાલીવેજી
		ધંધુકા	મોટા ત્રાડીયા, બાજરડા, નાનાત્રાડીયા, ઝાંઝરકા, સરવાળ, જાળીયા, ધંધુકા, ખસ્તા, ઉંમરગઢ, પચછમ, અડવાળ, રાયકા
		ધોલેરા	ગાંફ, કાશીન્દ્રા, શીળા, આંબલી, વાલીન્દા, ગોગલા, લોલીયા

ઉપરોકત નહેરની ઉંડાઈને ધ્યાનમાં રાખી ને આગામી ચોમાસામાં પાણી ભરાય તેવી શકયતા હોઈ કોઈપણ વ્યકિતએ નહેરમાં પ્રવેશ કરવાની, નહાવાની, કપડા ધોવાની તેમજ ઢોર ઢાખરને નહેરમાં લઈ જવાની વિગેરે પ્રવૃતિઓ નહીં કરવા માટે જાહેર જનતાને તાકીદ કરવામાં આવે છે.ડીસ્ટ્રીબ્યુટરી / માઈનોર નહેરના કામો પ્રગતિમાં હોય નિગમની સંપાદિત જમીનમાં કોઈપણ પ્રકારનું વાવેતર કરવું નહી.

ઉપરોકત સુચનાઓનો ચુસ્ત પણે અમલ ન કરાય તેવા સંજોગોમાં જાહેર જનતાના જાન–માલને નુકશાન થવાનો સંભવ છે. આથી ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા માટે જાહેર જનતાને સલાહ આપવામાં આવે છે. આમ, છતાં આ સુચનાઓનો અમલ નહી કરવામાં આવે અને તેથી થતાં કોઈ પણ પ્રકારના નુકશાનની સઘળી જવાબદારી જે તે વ્યકિતની/વ્યકિતઓની રહેશે તથા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ આવી કોઈપણ જાતની નુકશાની માટે જવાબદાર રહેશે નહી.

માહિતી/સુરેન્દ્રનગર/૧૫૧/૧૫–૧૬

ન્યૂઝ ફોક્સ

અદાણી ગ્રૂપ દ્વારા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર મૅનેજમેન્ટ એન્ડ એન્જિનિયરિંગનો પ્રારંભ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ ક્ષેત્રે નિષ્ણાતો તૈયાર કરવાના ઉદ્દેશ સાથે અદાણી ગ્રૂપ દ્વારા અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્રારંભ કરીને આ શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ મેનેજમેન્ટ અને એન્જિનિયરિંગ પ્રોગ્રામ્સ ઑફર કરવામાં આવ્યા છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સ્ટિટ્યૂટને એઆઈસીટીઈની મંજૂરી મળી છે અને ૪ વર્ષના એન્જિનિયરિંગના અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામનું ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી સાથે જોડાણ કરવામાં આવ્યું છે. અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનિયરિંગ સિવિલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં બી.ઈ.ની ડિગ્રી ઑફર કરે છે, જ્યારે અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ પૂર્ણ સ્તરનો રેસિડેન્શિયલ, બે વર્ષનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટનો પીજીડીએમ ઑફર કરવાની સાથે ૧૫ માસનો વિશિષ્ઠ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ અનુભવી પ્રોફેશનલ્સ માટે આ વિદ્યાશાખામાં જ ઑફર કરે છે. દેશની માળખાગત સુવિધાઓની જરૂરિયાત અંગે સમગ્રલક્ષી દૃષ્ટિકોણ રજૂ કરતાં અદાણી જૂથના ચેરમેન અને સ્થાપક ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીએ તા. ૧૫ ઑગસ્ટ ૨૦૧૪ના રોજ મેક ઈન ઈન્ડિયા ઝુંબેશની જાહેરાત કરી છે. મેક ઈન ઈન્ડિયાને સફળ બનાવવા માટે પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, શૈક્ષણિક સંસ્થાઓ, પાણી પુરવઠો, વેસ્ટ મેનેજમેન્ટ અને વ્યવસાયલક્ષી તાલીમ જેવી સામાજિક માળખાગત સુવિધાઓની સાથેસાથે માર્ગો, ઊર્જા, બંદર, ખાણકામ, હવાઈમથકો, રેલવેઝ, ઑઈલ અને ગેસ પાઈપલાઈન પુનઃપ્રાપ્ય ઊર્જા વગેરે પાયાની માળતાગત સુવિધાઓને મજબૂત બનાવવાની જરૂર છે.

જ્વેલરીના બદલામાં ૧૦ ટકા વધુ લાભ આપે છે

'ઓલ ઈઝ ગોલ્ડ' એક પ્રસિદ્ધ કહેવત છે, પણ જો તમારું 'ઓલ ગોલ્ડ' તમને આજના સમય કરતાં વધારે લાભ આપે તો ? ૧૫૦ વર્ષથી વધુનો સમૃદ્ધ વારસો ધરાવતી સુવિખ્યાત અને ભરોસાપાત્ર જવેલરી બ્રાન્ડ ટીબીઝેડ-૩ ઓરિજિનલ હવે એક અત્યંત ખાસ ઑફર રજૂ કરે છે. તમારી જૂની સોનાની જવેલરીના બદલામાં ૧૦ ટકા સુધીનું વધારે મૂલ્ય મેળવો. તમારી જૂની ડિઝાઈનને બ્રાન્ડ ન્યૂ જવેલરીમાં પરિવર્તિત કરવાનો આ સોનેરી અવસર છે. તમારા મનપસંદ અને વિશ્વાસપાત્ર જવેલર તરફથી આ સ્પેશિયલ ઑફર આપવામાં આવી છે. તો હવે ટીબીઝેડના કોઈ પણ સ્ટોરની મુલાકાત લો અને ઘણું વધારે લઈને બહાર આવો ! ટીબીઝેડ-ધ ઓરિજિનલ ડાયમંડ અને ગોલ્ડમાં ડિઝાઈનની એક વિસ્તૃત શ્રેણી ધરાવે છે, જે તમારી જૂની જવેલરીને એક્સચેન્જ કરવા પર તમારી થઈ શકે છે. ટીબીઝેડ-ધ ઓરિજિનલના તમામ સ્ટોર્સમાં આ અદ્ભુત ઑફર ૩૦ જૂન, ૨૦૧૫ સુધી માન્ય છે. ટીબીઝેડ-ધ ઓરિજિનલના નિકટતમ સ્ટોરને શોધવા માટે http://www.tbztheo-riginal.com/

ખોટી પી.એચડી.ની ગાઈડશિપ આપનારને યુનિવર્સિટીનો શિરપાવ

અમદાવાદ, તા. ૨૬

ખોટી પી.એચડી.ની ગાઈડશીપ આપનાર આર.એસ. પટેલની આજે ગુજરાત યુનિવર્સીટીએ ફરીવાર એજયુકેશન બોર્ડના ચેરમેન પદે નિમણૂક કરીને શિરપાવ આપ્યો છે. બોર્ડ ઑફ સ્ટડીઝના સાતેય સભ્યોનો વિરોધ હોવા છતાં કુલપતિના આગ્રહ સામે તેઓ ઝૂકી ગયા હતા. જેને ગાઈડશીપ અપાઈ હતી તે પાછી ખેંચી લેવાઈ હતી પરંતુ આપનાર સામે ત્યારે પણ કોઈ પગલાં લેવાયાં ન હતા. યુનિવર્સિટીમાંથી શિક્ષણના અભ્યાસક્રમ માટે પીએચડીની ગાઈડશીપ મેળવવા માટે ૧૮ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. તેમાં એજયુકેશન બોર્ડના ચેરમેન આર.એસ. પટેલે બે વિદ્યાર્થીઓને ગાઈડશિપ મંજુર કરી હતી. જેમાંથી એક વિદ્યાર્થીને ખોટી રીતે પીએચડીની ગાઈડશીપ અપાઈ હોવાનું કમિટીના અહેવાલમાં સ્પષ્ટ થયું હતું.

ધાર્મિક

- ■ દાનગઢ-માનગઢના મનોરથના દર્શન : કલ્યાણ પુષ્ટિ હવેલી, વસ્ત્રાપુર : સાંજે ૭થી ૮
- ■ ખસખાના મનોરથના દર્શન : નવનીત પ્રિયાજીની હવેલી, રામજમુગુટ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા : સવારે ૧૧થી ૧૧:૩૦
- ■ ભરતભાઈ શાહના ભજન : રામજી મંદિર, દરવાજાવાળો ખાંચો, શાહપુર : રાત્રે ૯:૩૦થી ૧૨
- ■ આનંદ જનક મહારાજના ભજન : પુનિત આશ્રમ, બાલવાટીકા પાછળ, મણિનગર : રાત્રે ૯

અવસાન નોંધ

- ■ શાહ : સ્વ. ભુપેન્દ્રભાઈ મણીલાલ શાહનું બેસણું : બત્રીસી હોલ, ગાંધી આશ્રમની બાજુમાં, સુભાષબ્રિજ : સવારે ૮:૩૦થી ૧૦:૩૦
- ■ સ્વ. વસુમતીબહેન પ્રેમચંદભાઈ શાહનું બેસણું : જૈન નાની વાડી, જૈન દેરાસર પાસે, નરોડા : સવારે ૮:૩૦થી ૧૦:૩૦
- ■ ગુપ્તા : સ્વ. જગન્નાથભાઈ રામવિશાલદાસ ગુપ્તાનું બેસણું : ૬૩/૩, ગોરધન પાર્ક, ઈસનપુર : સવારે ૮થી ૧૧
- ■ ખત્રી : સ્વ. કલાવતીબહેન વસંતલાલ ખત્રીનું બેસણું : ૬૪૪, જનતાનગર, રામોલ : સવારે ૮:૩૦થી ૧૧

શ્રદ્ધાંજલી

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂ જીવન હતુ,
સત્કાર્ય તમારી શોભા હતી, પરોપકાર તમારૂ કર્તવ્ય હતુ,
એવા કર્મનિષ્ઠ પુણ્ય આત્માને કોટી-કોટી વંદન...
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. અમૃતભાઈ મસાભાઈ કોલા
સ્વ. તા.૨૬-૦૫-૨૦૧૫ (ભલગામવાળા)

- જશુબેન અમૃતભાઈ કોલા (પત્ની)
- કનુભાઈ અમૃતભાઈ કોલા (પુત્ર)
- પ્રવિણભાઈ અમૃતભાઈ કોલા (પુત્ર)
- હરીભાઈ મસાભાઈ કોલા (ભાઈ)
- સોમાભાઈ મસાભાઈ કોલા (ભાઈ)
- અજાભાઈ મસાભાઈ કોલા (ભાઈ)

તથા કોલા પરિવાર (ભલગામવાળા)

બેસણું

અમારા પરમપૂજ્ય પિતાશ્રી જેઠાભાઈ ગણેશભાઈ જાદવ (મગોડી) તા. ૨૫-૬-૨૦૧૫ ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. સદ્ગતનું બેસણું તા. ૨૮-૬-૨૦૧૫ ને રવિવારના રોજ સવારે ૬ થી ૧૧ કલાક દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૨૧૮/૨, સેકટર નં. ૫/એ, ગાંધીનગર. મો. ૯૮૨૪૦૧૬૪૨૧, ૭૭૨૮૮૬૧૧૪૬

વિ.

નરેન્દ્ર જેઠાભાઈ જાદવ (પુત્ર) સોમાભાઈ ગણેશભાઈ જાદવ (ભાઈ)
ગીરીશ જેઠાભાઈ જાદવ (પુત્ર) રવિન્દ્રભાઈ શંકરભાઈ જાદવ (ભત્રીજો)
મહેશ જેઠાભાઈ જાદવ (પુત્ર)

તા. ૦૧.૦૨.૨૦૧૪થી અમલમાં

દુઃખદ અવસાન **બેસણું** **શ્રદ્ધાંજલિ**

૪૫ થી.સે.મી. (૯૪૫ કે ૫૪૯) સાઈઝ તદ્દન નજીવા ફિક્સડ ભાવે

દુઃખદ અવસાન-બેસણું	શ્રદ્ધાંજલિ
રૂા. ૨૭૦૦/-	રૂા. ૩૮૦૦/-
વધારાના થો.સે.મી.ના રૂા. ૫૦/-	વધારાના થો.સે.મી.ના રૂા. ૯૦/-

માત્ર ૯૦ થો.સે.મી. સુધી જ, ૯૦ થી વધુ માટે ડિસ્પ્લે રેટ લાગશે.
રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જા.ખ. સ્વીકારાશે.

લાઈ સોસાયટી રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ ફોન : ૪૦૦૦૪૨૫૨/૫૩ **સંદેશ** સંદેશ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, ઘીકાંટા રોડ, અમદાવાદ ફોન : ૬૫૧૨૪૨૪૨

ઈકબાલગઢ પાસે ગૌમાંસ ભરેલ ટેમ્પો ઝડપાયો, ૪ની અટકાયત

સં.ન્યુ.સ. પાલનપુર.તા.૨૬

બનાસકાંઠાના અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ આઉટ પોસ્ટ ના પોલીસ કર્મીઓએ શુકવારે નાકાબંધી દરમ્યાન શંકાસ્પદ જણાતાં ટેમ્પોની તલાશી લેતાં તેમાંથી માંસ નો જથ્થો મળી આવતાં ચાલકની પુછપરછ કરતાં ગૌમાંસ હોવાની કબુલાત કરતાં ચારેય લોકોની અટકાયત કરી છે. ખારા ગામના એક ખેતરમાં પાલનપુરના કસાઈઓએ ગાયની કતલ કરી માંસ,ચામડુ ટેમ્પોમાં ભરીને પાલનપુર લઈ જઈ રહ્યા હતાં તે વખતે ઈકબાલગઢ નજીક પકડાઈ જતાં ૧૫૦ કીલો ગૌ માંસનો જથ્થો મળી આવ્યો હતો. પાલનપુરના જુના ડાયરા વિસ્તારમાં રહેતાં નદીમ યુસુફભાઈ ચૌહાણ,સાતસંચા પાસે રહેતા તોફીક અબ્બાસભાઈ બેલીમ,ફોફળીયા કુવા પાસે રહેતા મુદ્દસર મહંમદભાઈ બેલીમ અને ખારવના વિક્રમસિહ શિવસિંહ ચૌહાણ સામે ગૌહત્યાનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.જેમાં ખારા ગામના વિક્રમસિહ ભાગી છુટ્યા હતાં.જયારે અન્ય ત્રણ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં ચાતુર્માસ માટે પધારેલા નમ્રમુનિ મહારાજનું આહ્વાન

જૈનોના લઘુમતી દરજ્જા માટે સરકારને લાગણી પહોંચાડાશે

અમદાવાદ,તા.૨૬

ગુજરાતમાં જૈનોના લઘુમતી દરજ્જા માટે જૈન સમાજ અને જૈન સંત સમુદાય તરફથી ગુજરાત સરકારને લાગણી પહોંચાડવામાં આવશે. વર્તમાન ગુજરાત સરકાર ધર્મ અભિમુખ સરકાર છે અને તે સંતોની લાગણી અને માગણીનો સ્વીકાર કરશે. જૈનોને લઘુમતી દરજ્જા મામલે આગામી દિવસોમાં યોગ્ય રજૂઆત કરાશે એમ અત્રે રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજે જણાવ્યું હતું. અમદાવાદમાં સૌપ્રથમ વાર ચાતુર્માસ માટે પધારેલા નમ્રમુનિ મહારાજે કેન્દ્ર સરકારે જૈનોને લઘુમતી દરજ્જામાં મૂકવા અંગેનું જાહેરનામું જારી કરી દીધું છે તો ગુજરાતમાં હજુ સુધી કેમ તેની અમલવારી થઈ નથી તે અંગે પૂછાયેલા એક પ્રશ્નનના પ્રત્યુત્તરમાં પોતાની આ પ્રતિક્રિયા આપી હતી. તેમણે આશા વ્યકત કરી હતી કે, જૈનોને લઘુમતી દરજ્જાનો મામલો અમારી ગંભીર વિચારણામાં છે અને અમને વિશ્વાસ છે કે, જૈન સમાજ અને સંત સમુદાયની લાગણી ગુજરાત સરકાર કાને ધરશે અને તેનો સત્વરે સ્વીકાર કરશે. તા.૨૮મી જૂને સવારે ૭-૦૦ વાગ્યે ગુરુદેવ નમ્રમુનિ મહારાજનો પાલડી કચ્છી જૈન ભવનથી અમદાવાદમાં નગરપ્રવેશ શરૂ થશે. જયારે તા.૧૯મી જૂલાઈએ સવારે ૯-૦૦ વાગ્યે સેટેલાઈટના ધર્મલાભ ઉપાશ્રય ખાતે રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાથે ૧૮-૧૮ સંત-સતીજીઓનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થશે. અમદાવાદને ધર્મપ્રેમી અને પરમાત્મા પ્રેમી બનાવવાના ઉમદા હેતુસર નમ્રમુનિના ચાતુર્માસ પ્રસંગનું અમદાવાદમાં આયોજન કરાયું છે.

જૈન વિશ્વકોશ બહાર પડશે

રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજે જણાવ્યું હતું કે, જૈન સંપ્રદાય અને જન સમાજને લગતી રજેરજની માહિતી સાથેનો બહુ અદ્ભુત અને ઐતિહાસિક જૈન વિશ્વકોશ તૈયાર થઇ રહ્યો છે. આશરે ૧૦૦ જેટલા વિદ્વાનોની ભારે જહેમત બાદ સેંકડો વિષય પરની માહિતી સાથેનો એનસાઇકલોપીડિયા એવો જૈન વિશ્વકોશ તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ પ્રસિધ્ધ કરાશે.

આગમોની શોભાયાત્રા

ગુરૂદેવ નમ્રમુનિ મહારાજના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભગવાન મહાવીરના બોધ અને ઉપદેશ વર્ણવતા પવિત્ર આગમોની ગાજરાજોની અંબાડી પર શોભાયાત્રા પણ શહેરમાં કાઢવામાં આવશે. આ પ્રસંગે આગમના ૩૫ ગ્રંથોનું લોકાર્પણ કરાશે.

જો તું કેસ કરીશ તો પણ પોલીસ મારું કંઈ બગાડી શકશે નહીં

એશિયા પેસિફિકની પૂર્વ વિદ્યાર્થિનીને વડોદરાના યુવકે અભદ્ર મેસેજ કર્યા

■ યુવકને સંસ્થાના કાર્યકરોએ મેથીપાક ચખાડ્યો

અમદાવાદ, તા. ૨૬

થોડા સમય પહેલા એશિયા પેસિફિક કોલેજના જ પ્રોફેસરે ત્યાંની જ વિદ્યાર્થિનીને અશ્લીલ મેસેજો કર્યા હોવાનો કિસ્સો બહાર આવ્યો હતો. જેમાં મહિલા પોલીસસ્ટેશનમાં ફરિયાદ કરાતા પોલીસ લાંબા સમય સુધી કંઈ કરી શકી ન હતી. જે વાતનો લાભ ઉઠાવીને વડોદરાના જ યુવકે આ જ વિદ્યાર્થિનીને અશ્લીલ મેસેજો મોકલ્યા હતા. આ મેસેજ મોકલનાર યુવકને વિદ્યાર્થિની ઓળખી ગઈ હતી. તે અંગેની જાણ થતાં યુવકે વિદ્યાર્થિનીને ફોન કરીને કહ્યું હતું કે, તેં અગાઉ કેસ કર્યો એમાં પોલીસે શું કરી લીધું, મારું પણ પોલીસ કંઈ નહિ કરી શકે' તેમ કહી પોતાની બહાદૂરી બતાવી હતી. બીજીતરફ વિદ્યાર્થિનીને પણ પોલીસ પરથી વિશ્વાસ ઉઠી જતાં તેણે મહિલા સુરક્ષા સમિતિમાં આ અંગે અરજી આપતાં કાર્યકરોએ કાયદો હાથમાં લઈ યુવકને ઢોર માર મારી સબક શીખવાડ્યો હતો. યુવક પાસેથી માફી પત્ર પણ લખાવાયું હતું.

મૂળ વડોદરાની વિદ્યાર્થિની હાલ એશિયા પેસિફિક કોલેજ છોડીને શ્યામલ ચાર રસ્તા પાસે કોઈ કોલેજમાં અભ્યાસ કરી રહી છે. થોડા સમય પહેલા તેના મિત્રના સ્ક્રીન શોટ તેના મોબાઈલ પર આવ્યા હતા. જેમાં તેણે યુવતી સાથે કરેલી વાતચીત અને ફોટોગ્રાફ્સ હતા. જે જોઈને યુવતી ચોંકી ઉઠી હતી અને યુવતીને થયું કે જે યુવકના આ મેસેજો છે તેની સાથે તો તેણે ક્યારેય વાત કરી જ નથી. થોડા સમય બાદ યુવતી સાથે વડોદરાની સ્કૂલમાં ભણતા ઈ-મેલ કર્યો અને યુવકે કહ્યું કે મેં તને સ્ક્રીન શોટ મોકલ્યા તે જોયાં? આ સાંભળીને યુવતી ચોંકી ઉઠી હતી. યુવતીએ તું આવું કેમ કરે છે તેવું પૂછતા જ યુવકે જણાવ્યું કે હું તને પ્રેમ કરું છું અને તને કોઈની સાથે જવા નહિ દવું, તું મારી સાથે રિલેશન નહિ રાખે તો તારી મમ્મીને પણ આ સ્ક્રીન શોટ્સ મોકલી દઈશ અને તને બદનામ કરી નાખીશ. આ ધમકીથી ત્રસ્ત યુવતીએ આખરે મહિલા સુરક્ષા સમિતિનું શરણું લીધું હતું.

તિસ્તા સેતલવાડે બેંકખાતા ખોલવા હાઈકોર્ટમાં રિટ કરી

અમદાવાદ, તા. ૨૬

ગુલબર્ગકાંડના અસરગ્રસ્તોના નામે કરોડો રૂપિયા ઉઘરાવી જનાર તીસ્તા સેતલવાડ સહિત તેના ટ્રસ્ટના બેંકખાતા કાઈમબ્રાંચે સીલ કર્યા હતા. જેને ખોલવા તિસ્તાએ હાઈકોર્ટમાં રિટ કરી છે. જેના પર સુનાવણી ૭મી જુલાઈએ હાથ ધરાશે. અગાઉ નીચલી કોર્ટમાં આજ મુદ્દે થયેલી અરજી નામંજૂર થઈ હતી. તીસ્તા સામે અસરગ્રસ્તોએ કરેલી ફરિયાદના પગલે કાઈમબ્રાંચને તપાસ સોંપાઈ હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે, અસરગ્રસ્તોની મદદ માટે ઉઘરાવેલા કરોડો રૂપિયા તિસ્તાએ પોતાના અંગત શોખ માટે વાપર્યા હતા. કાઈમબ્રાંચે આ કેસની તપાસમાં તીસ્તા, તેનો પતિ જાવેદ આનંદ, સબરંગ ટ્રસ્ટ અને સીજેપી ટ્રસ્ટ એમ કુલ ચાર ખાતા ફ્રીજ કર્યા હતા.

શ્રદ્ધાંજલિ

સ્વ. રબારી ભગવાનભાઈ બળદેવભાઈ
સ્વ.તા.૨૪-૬-૨૦૧૫, બુધવાર

રબારી વિષ્ણુભાઈ માંડળભાઈ (અંબાસણા)
રબારી સાકરભાઈ જયરામભાઈ (લીંપ)
રબારી વાલુભાઈ જયરામભાઈ (સુરજ)
રબારી જયેશભાઈ વિરમભાઈ (રંગડ)
રબારી દશરથભાઈ મોહનભાઈ (મેવણા)
રબારી વિક્રમભાઈ ગમનભાઈ (કેલીસણા)
રબારી વિશાલ બળદેવભાઈ (રાજપુર)
રબારી વાલુભાઈ ખેંગારભાઈ (સૂઢીયા)
રબારી બળદેવભાઈ સાંકાભાઈ (લુણવા)

૧૯૪૬ની રથયાત્રામાં કોમી એખલાસ માટે શહીદી વહોરી હતી

વસંતનાં પગરખાં પોલીસને સુપ્રત કરાયાં

અમદાવાદ, તા.૨૬

તા. ૧ જુલાઈ, ૧૯૪૬માં રથયાત્રા દરમિયાન રમખાણોમાં કોમી એખલાસ માટે શહીદી વહોરનાર બે મિત્રો વસંત અને રજબની યાદમાં શહેર પોલીસ અને શહેર કાઈમબ્રાંચ દ્વારા ગાયકવાડ હવેલી ખાતે એક સ્મારક અને મ્યુઝિયમ બનાવ્યું છે. આ મ્યુઝિયમમાં બંનેના જીવનની ઝાંખી કરાવતી વસ્તુઓ મુકાશે. વસંત રજબના પરિવારજનો દ્વારા આજે વસંત ચોક લાલ દરવાજા ખાતે વસંતના પગરખા શહેર કાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારીઓને આપ્યા હતા. કાઈમ બ્રાંચનાં સૂત્રોના જણાવ્યા મુજબ